# POLITICAL SCIENCE

Name & Signature of the Invigilator

**PAPER-II**
**OCT-14/11**

ICR Answer Sheet No. : | | | | | |

Roll No. : | | | | | |

..............................................

..............................................

Roll Number in words : ......................................

.....................................................................

**Time : 1.15 Hours]** **No. of Printed Pages : 24** **[Maximum Marks : 100**

**Instructions for the Candidates**

1. Write your Roll Number in the space provided on the top of this page.
2. This paper consists of **fifty (50)** multiple choice type questions. **All** questions are compulsory.
3. At the commencement of examination, the question booklet will be given to candidate. In the first 5 minutes, candidate is requested to open the booklet and compulsorily examine it as below :
   (*i*) To have access to the question booklet, tear off the paper seal on the edge of this cover page. Do not accept a booklet without sticker-seal and do not accept an open booklet.
   (*ii*) Tally the number of pages and number of questions in the booklet with the information printed on the cover page. Faulty booklets due to pages/questions missing or duplicate or not in serial order or any other discrepancy should be got replaced immediately by a correct booklet from the invigilator within the period of five minutes. Afterwards, neither the question booklet will be replaced nor any extra time will be given.
   (*iii*) After this verification is over, the test booklet number should be entered in the ICR answer sheet and the ICR Answer Sheet number should be entered on this test booklet.
4. Each item has upto four alternative responses marked (A), (B), (C) and (D). The answer should be a capital letter for the selected option. The answer letter should entirely be contained within the corresponding square.

   Correct method **A** Wrong method **A** OR **A**

5. Your responses to the items for this paper are to be indicated on the ICR Answer Sheet under Paper II only.
6. Read instructions given inside carefully.
7. Rough work is to be done in the end of the booklet only.
8. You have to return the original ICR Answer Sheet to the invigilators at the end of the examination compulsorily and must not carry it with you outside the examination hall. You are, however, allowed to carry duplicate copy of ICR sheet and test booklet on conclusion of the examination.
9. Use black ball point pen.
10. Use of any Calculators or log tables or any other electronic devices is prohibited.
11. There shall be no negative marking.
12. In case of any discrepancy in Gujarati and English version of questions the English version should be taken as final.

**પરીક્ષાર્થીઓ માટે સૂચનાઓ :**

1. આ પાનાની ટોચમાં દર્શાવેલી જગ્યામાં તમારો રોલનંબર લખો.
2. આ પ્રશ્નપત્રમાં બહુવૈકલ્પિક ઉત્તરો ધરાવતા કુલ **પચાસ (૫૦)** પ્રશ્નો આપેલા છે. **બધા જ** પ્રશ્નો ફરજિયાત છે.
3. પરીક્ષાની શરૂઆતમાં ઉમેદવારને પ્રશ્નપુસ્તિકા આપવામાં આવશે. પ્રથમ ૫ મિનિટ દરમ્યાન, ઉમેદવારે પ્રશ્નપુસ્તિકા ખોલી અને ફરજિયાતપણે નીચે મુજબ પરીક્ષણ કરવું.
   (*i*) પ્રશ્નપુસ્તિકાનો વપરાશ કરવા માટે આ કવર પેજની ધાર પર આપેલ સીલ ફાડી નાખો. કોઈપણ સંજોગોમાં સીલ સ્ટીકર વગરની કે ખુલ્લી પ્રશ્નપુસ્તિકા સ્વીકારશો નહીં.
   (*ii*) કવર પૃષ્ઠ પર છપાયેલ નિર્દેશાનુસાર પ્રશ્નપુસ્તિકાના પ્રશ્નો પૃષ્ઠો અને સંખ્યાને બરાબર ચકાસી લો. ખામીયુક્ત પ્રશ્નપુસ્તિકા કે જેમાં પૃષ્ઠો/પ્રશ્નો ઓછા હોય, બે વાર છપાયા હોય, અનુક્રમમાં અથવા કોઈ અન્ય ફરક હોય અર્થાત કોઈપણ કારણે ખામીયુક્ત પ્રશ્નપુસ્તિકા સ્વીકારવી નહીં. એને જો ખામીયુક્ત પ્રશ્નપુસ્તિકા મળી હોય તો નિરીક્ષક પાસેથી તુરંત જ બીજી સારી પ્રશ્નપુસ્તિકા મેળવી લેવી. આ માટે ઉમેદવારને પાંચ મિનિટનો સમયગાળો આપવામાં આવશે. પછીથી, પ્રશ્નપુસ્તિકા બદલવામાં આવશે નહીં કે કોઈ વધારાનો સમય પણ આપવામાં આવશે નહીં.
   (*iii*) આ ચકાસણી સમાપ્ત થાયપછી, ટેસ્ટ પુસ્તિકા નંબર ICR જવાબ પત્રકમાં લખવો અને ICR જવાબ પત્રક નંબર પ્રશ્નપુસ્તિકા પર લખવો.
4. પ્રત્યેક પ્રશ્ન માટે ચાર ઉત્તર વિકલ્પ (A), (B), (C) અને (D) આપવામાં આવેલ છે. પસંદગીનો જવાબ માત્ર અંગ્રેજી કેપીટલ મૂળાક્ષર દ્વારા જ આપવો. પસંદ કરેલ અંગ્રેજી કેપીટલ અક્ષર આપેલ ખાનામાં સંપૂર્ણ રીતે સમાઈ જાય તે રીતે લખવો.

   સાચી રીત : **A** ખોટી રીત : **A** અથવા **A**

5. આ પ્રશ્નપુસ્તિકાના પ્રશ્નોના જવાબ અલગથી આપવામાં આવેલ ICR જવાબ પત્રકમાં પેપર–૨ લખેલ વિભાગમાં જ લખવા.
6. અંદર આપેલ સૂચનાઓ ધ્યાનપૂર્વક વાંચો.
7. આ પ્રશ્નપુસ્તિકાની અંતે આપેલ પાનું રફ કામ માટે છે.
8. પરીક્ષા સમય પૂરો થઈ ગયા પછી ઓરીજીનલ ICR જવાબ પત્રક જે તે નિરીક્ષકને ફરજીયાત સોંપી દેવું અને કોઈપણ સંજોગોમાં પરીક્ષાખંડની બહાર જઈ શકશે નહીં. પરીક્ષા પૂર્ણ થયા બાદ ઉમેદવાર પ્રશ્નપુસ્તિકા તથા ICR જવાબવહીની ડુપ્લિકેટ કોપી પોતાની સાથે લઈ જઈ શકે છે.
9. માત્ર કાળી પેન/કાળી બોલ પેન વાપરવી.
10. કેલક્યુલેટર અને અન્ય ઈલેક્ટ્રોનિક યંત્રોનો ઉપયોગ કરવાની મનાઈ છે.
11. ખોટા જવાબ માટે નેગેટિવ ગુણાંકન પ્રથા નથી.
12. પ્રશ્નપુસ્તિકાના કોઈ પ્રશ્નમાં અનુવાદ અંગે કોઈ વિવાદ/મતભેદ જણાય તો અંગ્રેજી વર્ઝન યોગ્ય ગણાશે.

## POLITICAL SCIENCE
## PAPER-II

## રાજનીતિ વિજ્ઞાન
## પેપર–II

*Note* : This paper contains **FIFTY (50)** multiple-choice and matching questions, each question carrying **TWO (2)** marks. Attempt **All** the questions.

**નોંધ** : આ પ્રશ્નપત્રમાં **પચાસ** (૫૦) બહુવિકલ્પીય પ્રશ્નો, સાચું-ખોટું અને જોડકાં બનાવવાના પ્રશ્નો છે. તમામ પ્રશ્નોના જવાબ લખવાના છે. પ્રત્યેક પ્રશ્નના **બે** (૨) ગુણ છે.

---

1. Which group of organs of the state was *not* propounded by Kautilya as one of the seven organs ?
   (A) Ruler, Minister, Capital
   (B) Treasury, Population, Army
   (C) Friend, Capital, Treasury
   (D) Capital, Enemy, Governor

2. For Aristotle, the best practicable state is the one which is :
   (A) Balancing oligarchic and democratic elements
   (B) Allowing for the rule of the best
   (C) An elected monarchy
   (D) An aristocracy of intellect

3. Who is the thinker that John Locke criticizes in the *First Treatise* ?
   (A) Thomas Hobbes
   (B) Robert Filmer
   (C) Marsilio of Padua
   (D) Hugo Grotius

1. રાજયના સાત અંગોમાં કૌટિલ્યએ નીચે આપેલામાંથી કયા જૂથનો ઉલ્લેખ કર્યો નથી ?
   (A) રાજયકર્તા, પ્રધાન, મૂડી
   (B) રાજય તિજોરી, વસ્તી, લશ્કર
   (C) મિત્ર, પાટનગર, તિજોરી
   (D) પાટનગર, દુશ્મન, શાસનકર્તા

2. એરિસ્ટોટલની દૃષ્ટિએ સૌથી વ્યવહારુ રાજય એ છે જેમાં :
   (A) કુલીનશાહી અને લોકશાહી તત્વોનું સમતુલન છે
   (B) શ્રેષ્ઠનું શાસન ચલાવાય છે
   (C) ચૂંટાયેલ રાજાશાહી છે
   (D) બુદ્ધિવાદીઓની કુલીનશાહી છે

3. જહોન લોક 'ફર્સ્ટ ટ્રીટાઈઝ' માં કોની ટીકા કરે છે ?
   (A) થોમસ હોબ્સ
   (B) રોબર્ટ ફીલ્મર
   (C) માર્શીલ્યો ઓફ પાદુઆ
   (D) હ્યુગો ગ્રોશિયસ

4. The hallmark of the Hegelian State is :

(A) Uniformity

(B) Suzerainty

(C) Universality

(D) Particularity

4. હેગેલિયન રાજ્યનું મુખ્ય લક્ષણ છે :

(A) એકરૂપતા

(B) અધિરાજ્યતા (Suzerainty)

(C) સાર્વત્રિકતા

(D) વ્યક્તિગતતા

5. Who, quoting Tucker, said 'Marxism is beyond Justice' ?

(A) Nozick

(B) Walzer

(C) Rawls

(D) MacIntyre

5. ટકરનો સંદર્ભ આપી કોણે એમ કહ્યું કે ''માર્કસવાદ ન્યાયથી પર છે ?''

(A) નોઝીક

(B) વોલ્ઝર

(C) રોલ્સ

(D) મેકીન્ટાયર

6. Who coined the term 'subaltern' ?

(A) Marx

(B) Lenin

(C) Luxemburg

(D) Gramsci

6. ''સબોલ્ટર્ન'' શબ્દનો ઉદભવ કોણે કર્યો ?

(A) માર્કસ

(B) લેનિન

(C) ગ્રામસી

(D) ગ્રામસી

7. Sarvodaya is principally associated with :

(A) M.N. Roy and Ram Manohar Lohia

(B) Mahatma Gandhi and Jayaprakash Narayan

(C) B.R. Ambedkar and Jyotirao Phule

(D) Jawaharlal Nehru and Subhash Bose

7. સર્વોદય મુખ્યત્વે કોની સાથે સંકળાયેલ છે ?

(A) એમ.એન. રોય અને રામમનોહર લોહિયા

(B) મહાત્મા ગાંધી અને જયપ્રકાશ નારાયણ

(C) બી.આર. આંબેડકર અને જયોતિરાવ ફુલે

(D) જવાહરલાલ નેહરૂ અને સુભાષ બોઝ

8. The thinker who defended papal supremacy staunchly was :

(A) Dante

(B) Ockham

(C) Marsilio of Padua

(D) Giles of Rome

8. પોપની સર્વોચ્ચતાનો પ્રબળ બચાવ કોણે કર્યો ?

(A) દાન્તે

(B) ઓખામ

(C) માર્શીલ્યો ઓફ પાડુઆ

(D) ગાઈલ્સ ઓફ રોમ

9. Post-behaviouralists rejected the behaviouralist insistence on :

(A) Interdisciplinarity

(B) Value neutrality

(C) Theory building

(D) Empiricism

9. નવ વર્તનવાદે, વર્તનવાદના કયા તત્વને નકાર્યું ?

(A) વિદ્યાશાખાઓનો આંતરસંબંધ

(B) મૂલ્ય નીરપેક્ષતા

(C) સિદ્ધાંત સર્જન

(D) અનુભવ મૂલકતા

10. The utilitarian understanding of equality is focused on :

(A) Rights

(B) Resources

(C) Capabilities

(D) Preferences

11. Which of the following revolutions was not studied by Theda Scokpols ?

(A) Russian Revolution

(B) French Revolution

(C) Chinese Revolution

(D) American Revolution

12. Which of the following statements about impact of media and communication is *not* true ?

(A) It can change opinions

(B) It can occasionally change Governments

(C) It has no impact on opinion

(D) It reinforces opinions

10. સમાનતાના ખ્યાલનું ઉપયોગીતાવાદી દર્શન શેના પર ભાર મૂકે છે ?

(A) હકકો

(B) સાધનસામગ્રીઓ

(C) ક્ષમતાઓ

(D) પસંદગીઓ

11. થેડા સ્કોકપોલે નીચે પૈકીની કઈ ક્રાંતિનો અભ્યાસ કર્યો નથી ?

(A) રશિયન ક્રાંતિ

(B) ફ્રેંચ ક્રાંતિ

(C) ચીનની ક્રાંતિ

(D) અમેરિકાની ક્રાંતિ

12. પ્રચારના માધ્યમો અને સંવહનના પ્રભાવની બાબતમાં નીચે પૈકી કયું વિધાન સાચું નથી ?

(A) તે અભિપ્રાય બદલી શકે છે

(B) તે કોઈક વખત સરકાર બદલી શકે છે

(C) તેમની અભિપ્રાય પર કોઈ અસર પડતી નથી

(D) તે અભિપ્રાયને સુદૃઢ કરે છે

13. Which of the following is mandatory for a federation ?

(A) Constitutional division of powers between the centre and the states

(B) Dual citizenship of the centre and the state

(C) Integrated single judiciary

(D) Equal representation of all states in the upper chamber of the Central Legislature

13. સમવાયતંત્રને માટે અનિવાર્ય વસ્તુ કઈ છે ?

(A) કેન્દ્ર અને રાજ્ય વચ્ચે સત્તાની બંધારણીય વહેંચણી

(B) કેન્દ્ર અને રાજ્ય બંનેની નાગરીકતા

(C) એકીકૃત ન્યાયતંત્ર

(D) કેન્દ્ર સરકારના ઉપલા ધારા ગૃહમાં બધા રાજ્યો કે એકમોનું સમાન પ્રતિનિધિત્વ

14. According to Almond and Verba, 'Civic Culture' in democratic societies resulted from the mixture of :

(A) Parochial and participant political culture

(B) Subject and participant political culture

(C) Subject and parochial political culture

(D) Parochial, subject and participant political culture

14. આલ્મન્ડ અને વર્બાના મત અનુસાર, લોકશાહી સમાજમાં નાગરિક સંસ્કૃતિની ઉત્પત્તિ શેના મિશ્રણમાંથી થઈ છે ?

(A) સંકુચિત અને ભાગીદારીની રાજકીય સંસ્કૃતિ

(B) આજ્ઞાધિનતાની અને ભાગીદારીની રાજકીય સંસ્કૃતિ

(C) આજ્ઞાધિનતાની અને સંકુચિત રાજકીય સંસ્કૃતિ

(D) સંકુચિત, આજ્ઞાધિનતાની અને ભાગીદારીની રાજકીય સંસ્કૃતિ

15. Representative democracy *cannot* be strengthened by :

(A) Proportional representation system

(B) Right to information

(C) Recall of representatives

(D) Giving lower chamber of legislature a fifteen-years' tenure

16. (*a*) gives assertion and (*r*) reason for explanation :

(*a*) American presidential system introduces greater specialisation.

(*r*) American political system is based on separation of powers.

(A) (*a*) and (*r*) are correct and (*r*) is an explanation of (*a*)

(B) (*a*) and (*r*) are correct but (*r*) is not an explanation of (*a*)

(C) (*a*) is correct and (*r*) is incorrect

(D) (*a*) is incorrect and (*r*) is correct

15. પ્રતિનિધિકેન્દ્રી લોકશાહી શેનાથી મજબૂત થતી નથી ?

(A) પ્રમાણસર પ્રતિનિધિત્વની પ્રથાથી

(B) માહિતીના અધિકારથી

(C) પ્રતિનિધિને પાછા બોલવાના અધિકાર થી

(D) ધારાસભાના નીચલા ગૃહની મુદત પંદર વર્ષની કરીને

16. (*a*) માં વિધાન છે અને (*r*) તેને માટેની સમજૂતિ કે તર્ક આપે છે :

(*a*) અમેરિકાની પ્રમુખશાહી પદ્ધતિ વિશિષ્ટીકરણને ઉત્તેજન આપે છે.

(*r*) અમેરિકાની રાજકીય પ્રથા સત્તાવિભાજનના સિદ્ધાંત પર રચાયેલી છે.

(A) (*a*) અને (*r*) બંને સાચાં છે અને (*r*), (*a*) ને સમજાવે છે

(B) (*a*) અને (*r*) બંને સાચાં છે પણ (*r*) (*a*) નું કારણ નથી કે તેને સમજાવતું નથી

(C) (*a*) સાચું છે અને (*r*) ખોટું છે

(D) (*a*) ખોટું છે અને (*r*) સાચું છે

17. Which of the following is *not* true about Judicial Review ?

(A) It can declare any law of legislature unconstitutional

(B) It is based on checks and balances

(C) It believes that the constitution is superior to law

(D) It created an impression that the constitution is what the judges say it is

18. According to Max Weber, which of the following types of authority is the basis of modern bureaucracy ?

(A) Traditional

(B) Charismatic

(C) Legal Rational

(D) Popular

17. ન્યાયીક સમીક્ષા માટે નીચેનામાંથી કયું વિધાન સાચું નથી ?

(A) ધારાસભાના કોઈ પણ કાયદાને તે ગેરબંધારણીય જાહેર કરી શકે છે

(B) તે અંકુશ સમતુલાના સિદ્ધાંત પર રચાયેલ છે

(C) તે એ માન્યતા પર આધારિત છે કે બંધારણનું સ્થાન સામાન્ય કાયદા કરતાં ઊંચું છે

(D) તેનાથી એવી છાપ ઊભી થઈ કે ન્યાયતંત્ર કહે તે જ બંધારણ

18. મેક્સ વેબરના મત અનુસાર નીચે પૈકીનું કયા પ્રકારનું આધિપત્ય આધુનિક અમલદારશાહીના પાયારૂપ છે ?

(A) પ્રણાલિકાગત

(B) સંમોહક

(C) કાનૂની તાર્કિક

(D) લોકપ્રિય

19. In which of the following systems of Government is bicameralism an essential feature ?

(A) Parliamentary system

(B) Presidential system

(C) Unitary system

(D) Federal system

20. Who classified party system in single, biparty and multiparty system ?

(A) David Easton

(B) Almond and Verba

(C) Maurice Duverger

(D) Mosca

21. Which committee of the British cabinet had suggested the plan according to which the Constituent Assembly had been formed ?

(A) Cabinet Mission

(B) Cripps Mission

(C) Mountbatten Mission

(D) Radcliffe Mission

19. નીચે પૈકીની કયા પ્રકારની રાજકીય પ્રથામાં દ્વિગૃહી ધારાસભા જરૂરી બને છે ?

(A) સંસદીય પ્રથા

(B) પ્રમુખશાહી પ્રથા

(C) એકતંત્રી પ્રથા

(D) સમવાયી પ્રથા

20. 'એકપક્ષી, દ્વિપક્ષી અને બહુપક્ષી' એમ પક્ષ પ્રથાનું વર્ગીકરણ કોણે કર્યું હતું ?

(A) ડેવિડ ઈસ્ટન

(B) આલ્મન્ડ અને વર્બા

(C) મોરીસ ડૂવરજર

(D) મોસ્કા

21. ભારતની બંધારણસભાની રચના બ્રિટનની કેબીનેટની કઈ સમિતિની ભલામણને આધારે થઈ ?

(A) કેબીનેટ મિશન

(B) ક્રિપ્સ મિશન

(C) માઉન્ટબેટન મિશન

(D) રેડક્લિફ મિશન

22. This consists of two lists of names of books and their authors. The candidate has to match an item in one list with an item in the other list and select the correct answer from the codes given below :

| List I (Title of the Book) | List II (Names of Authors) |
|---|---|
| (*i*) Working A Democratic Constitution : A History of the Indian Experience | (*a*) F. Frankel and M.S.A. Rao |
| (*ii*) In Pursuit of Lakshmi :The Political Economy of the Indian State | (*b*) Granville Austin |
| (*iii*) Dominance and State Power in Modern India | (*c*) Lloyd and Susanne Rudolf |
| (*iv*) Democracy Without Associations | (*d*) Pradeep Chhibber |

*Codes* :

| | (*i*) | (*ii*) | (*iii*) | (*iv*) |
|---|---|---|---|---|
| (A) | (*a*) | (*c*) | (*b*) | (*d*) |
| (B) | (*b*) | (*c*) | (*a*) | (*d*) |
| (C) | (*a*) | (*b*) | (*d*) | (*c*) |
| (D) | (*c*) | (*b*) | (*a*) | (*d*) |

22. યાદી ૧ માં પુસ્તકોનાં નામો છે અને. યાદી ૨ માં લેખકોનાં નામો છે. બંને યાદીઓને મેળવો અને કોડનો ઉપયોગ કરીને જવાબ લખો :

| યાદી ૧ (પુસ્તકનું શીર્ષક) | યાદી ૨ (લેખકોનાં નામ) |
|---|---|
| (*i*) વર્કીંગ એ ડેમોક્રેટિક કોન્સ્ટીટયુશન : એ હિસ્ટ્રી ઓફ ધ ઈન્ડીયન એકસપીરિયન્સ | (*a*) એફ. ફ્રન્કેલ એન્ડ એમ.એસ.એ. રાવ |
| (*ii*) ઈન પરસ્યુટ ઓફ લક્ષ્મી : પોલીટીકલ ઈકોનેમી ઓફ ધ ઈન્ડીયન સ્ટેટ | (*b*) ગ્રેનવીલ ઓસ્ટીન |
| (*iii*) ડોમીનન્સ એન્ડ સ્ટેટ પાવર ઈન મોડર્ન ઈન્ડિયા | (*c*) લોઈડ અને સુસાન રુડોલ્ફ |
| (*iv*) ડેમોક્રેસી વિધાઉટ એસોસિયેશન્સ | (*d*) પ્રદીપ છિબ્બર |

કોડ :

| | (*i*) | (*ii*) | (*iii*) | (*iv*) |
|---|---|---|---|---|
| (A) | (*a*) | (*c*) | (*b*) | (*d*) |
| (B) | (*b*) | (*c*) | (*a*) | (*d*) |
| (C) | (*a*) | (*b*) | (*d*) | (*c*) |
| (D) | (*c*) | (*b*) | (*a*) | (*d*) |

23. In which part and article of the Indian Constitution, have Fundamental Duties been mentioned ?

(A) Part IV and Article 51

(B) Part III and Article 51

(C) Part IV(A) and Article 51(A)

(D) Part III(A) and Article 51(A)

24. Which writ under the right to constitutional remedies restricts a person from acting as an office holder to which he is not entitled ?

(A) Prohibition

(B) Certiorari

(C) Quo Warranto

(D) Habeas Carpus

23. ભારતના બંધારણના કયા ભાગ અને કઈ કલમમાં મૂળભૂત ફરજોનો સમાવેશ કરવામાં આવ્યો છે ?

(A) ભાગ IV અને કલમ 51

(B) ભાગ III અને કલમ 51

(C) ભાગ IV(A) અને કલમ 51(A)

(D) ભાગ III(A) અને કલમ 51(A)

24. બંધારણીય ઈલાજના અધિકારમાં અદાલતને આદેશ આપવાના અપાયેલા અધિકારમાંથી કઈ અરજી કે આદેશથી કોઈ વ્યક્તિને જે હોદ્દા માટે શેનો અધિકાર નથી, તે હોદ્દો સંભાળતા અટકાવી શકાય છે ?

(A) પ્રોહીબીશન

(B) સર્ટીઓરેરી

(C) કવો વોરન્ટો

(D) હેબિયસ કોર્પસ

25. Given below are two statements, one labelled as Assertion (A) and the other labelled as Reason (R) :

**Assertion (A) :** The Constitution is the expression of the will of the people, so there must be a provision to change the Constitution after every ten as fifteen years.

**Reason (R) :** The Constitution is like any other law. It simply tells us what are the rules and regulations governing the Government.

Identify the correct answer :

(A) Both (A) and (R) are true and (R) is the correct explanation of (A)

(B) Both (A) and (R) are true but (R) is not the correct explanation of (A)

(C) (A) is true and (R) is false

(D) (A) is false and (R) is true

25. નીચે (A) માં વિધાન છે (R) માં તેને માટેનું કારણ કે સમજૂતી છે :

**વિધાન (A)** : બંધારણ પ્રજાની ઈચ્છાને વ્યક્ત કરે છે, આથી દર દસ કે પંદર વર્ષે બંધારણ બદલવાની જોગવાઈ હોવી જોઈએ.

**કારણ (R)** : બંધારણ એ બીજા કાયદા જેવો જ છે. તે સરકારના સંચાલનના નિયમો જ સ્પષ્ટ કરે છે.

(A) (A) અને (R) બંને સાચાં છે અને (R) (A) ની સમજૂતી આપે છે

(B) (A) અને (R) બંને સાચા છે પણ (R) (A) ની સાચી સમજૂતી આપતું નથી

(C) (A) સાચું છે અને (R) ખોટું છે

(D) (A) ખોટું છે અને (R) સાચું છે

26. Match List I with List II and select the correct answer from the codes given below :

| | **List I** | | **List II** |
|---|---|---|---|
| (*i*) | Inclusion of the word 'Socialist' in the preamble | (*a*) | 74th amendment |
| (*ii*) | Reservation to women in urban local bodies | (*b*) | 44th amendment |
| (*iii*) | Removal of right to property as a fundamental right | (*c*) | 52nd amendment |
| (*iv*) | Restriction to join any party after being elected | (*d*) | 42nd amendment |

*Codes* :

| | (*i*) | (*ii*) | (*iii*) | (*iv*) |
|---|---|---|---|---|
| (A) | (*b*) | (*a*) | (*c*) | (*d*) |
| (B) | (*d*) | (*a*) | (*b*) | (*c*) |
| (C) | (*d*) | (*b*) | (*c*) | (*a*) |
| (D) | (*b*) | (*c*) | (*a*) | (*d*) |

26. યાદી ૧ અને ૨ મેળવો અને કોડનો ઉપયોગ કરી જવાબ લખો :

| | **યાદી ૧** | | **યાદી ૨** |
|---|---|---|---|
| (*i*) | 'સમાજવાદી' શબ્દ આમુખમાં દાખલ કરવામાં આવ્યો | (*a*) | 74મો સુધારો |
| (*ii*) | સ્ત્રીઓ માટે શહેરી સ્થાનિક સરકારમાં અનામત | (*b*) | 44મો સુધારો |
| (*iii*) | સંપત્તિના અધિકારની મૂળભૂત અધિકાર તરીકે નાબૂદી | (*c*) | 52મો સુધારો |
| (*iv*) | ચૂંટાયા પછી કોઈ પણ પક્ષમાં જોડાવા પર નિયંત્રણ | (*d*) | 42મો સુધારો |

કોડ :

| | (*i*) | (*ii*) | (*iii*) | (*iv*) |
|---|---|---|---|---|
| (A) | (*b*) | (*a*) | (*c*) | (*d*) |
| (B) | (*d*) | (*a*) | (*b*) | (*c*) |
| (C) | (*d*) | (*b*) | (*c*) | (*a*) |
| (D) | (*b*) | (*c*) | (*a*) | (*d*) |

27. Which of the following is *not* a feature of Parliamentary system ?

(A) Collective Responsibility

(B) Prime Minister

(C) Fixed tenure of Government

(D) Close relationship between legislature and executive

28. Who represents a state in the National Development Council ?

(A) Governor

(B) Chief Minister

(C) Finance Minister

(D) Leader of Opposition

29. Which of the following rights are correctly matched ?

(A) Right to Education—Manmohan Singh Government

(B) Right to Information—Atal Bihari Vajpayee Government

(C) Right to Food Security—Chandra Shekhar Government

(D) Right to Employment—Deve Gowde Government

27. નીચે દર્શાવેલમાંથી કયું સંસદીય પ્રથાનું લક્ષણ નથી ?

(A) સામૂહિક જવાબદારી

(B) વડાપ્રધાન

(C) સરકારની નિશ્ચિત મુદત

(D) ધારાસભા અને કારોબારી વચ્ચે ગાઢ સંબંધ

28. રાષ્ટ્રીય વિકાસ પરિષદ માંરાજયનું પ્રતિનિધિત્વ કોણ કરે છે ?

(A) રાજયપાલ

(B) મુખ્યમંત્રી

(C) નાણાપ્રધાન

(D) વિરોધપક્ષના નેતા

29. નીચેનામાંથી કયા હકો કઈ સરકાર સાથે યોગ્ય રીતે સંકળાયેલા છે ?

(A) શિક્ષણનો અધિકાર–મનમોહન સિંઘ સરકાર

(B) માહિતીનો અધિકાર–અટલ બિહારી વાજપેયી સરકાર

(C) અન્નની સલામતીનો અધિકાર–ચંદ્રશેખર સરકાર

(D) રોજગારીનો અધિકાર–દેવેગૌડા સરકાર

30. The report of the Comptroller and Auditor General is scrutinized by :

(A) Cabinet Secretariat

(B) Finance Minister

(C) Public Accounts Committee

(D) Estimates Committee

31. The principle of span of control means :

(A) An employee should receive orders from one superior only

(B) The number of subordinate employees that an administrator can effectively handle

(C) The control of supervision of the supervisor over the subordinates

(D) The number of people being controlled

30. કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલના અહેવાલની સમીક્ષા કોના દ્વારા થાય છે ?

(A) કેબિનેટ સચિવાલય

(B) નાણા પ્રધાન

(C) જાહેર હિસાબ સમિતિ

(D) અંદાજ સમિતિ

31. 'અંકુશ સીમા' ના સિદ્ધાંતનો અર્થ થાય છે :

(A) કોઈ કર્મચારીને એક ઉપરી દ્વારા જ હુકમ મળવો જોઈએ

(B) એક વહીવટકર્તા કેટલી સંખ્યામાં પોતાની હેઠળના કર્મચારીઓને અસરકારક રીતે સંભાળી શકે

(C) નિરીક્ષકનો પોતાના હાથ નીચેના કર્મચારી અને ઉપરનો અંકુશ

(D) અંકુશ હેઠળના લોકોની સંખ્યા

32. Panchayati Raj form of rural local Government was adopted first by (in the Chronological order) :
   (A) Rajasthan and Madhya Pradesh
   (B) Andhra Pradesh and West Bengal
   (C) Rajasthan and Andhra Pradesh
   (D) Andhra Pradesh and Madhya Pradesh

33. Who among the following used the systems framework in his analysis of Governmental Organisation ?
   (A) Philip Selznick
   (B) H.A. Simon
   (C) Dwight Waldo
   (D) Peter Drucker

34. Which of the following opportunities is provided by the Appropriation Bill to the legislatures ?
   (A) To discuss the policy and other matters related to the expenditure of various ministries
   (B) To change amount of demands of various ministries
   (C) To reallocate the grants of various ministries
   (D) To vary the amount of expenditure charged upon the Consolidated Fund of India

32. ક્રમ અનુસાર, પંચાયતી રાજની ગ્રામીણ સ્થાનિક વ્યવસ્થા અપનાવવામાં સૌથી પહેલામાં કયું જોડકું આવે છે ?
   (A) રાજસ્થાન અને મધ્યપ્રદેશ
   (B) આંધ્ર પ્રદેશ અને પશ્ચિમ બંગાળ
   (C) રાજસ્થાન અને આંધ્ર પ્રદેશ
   (D) આંધ્ર પ્રદેશ અને મધ્ય પ્રદેશ

33. પ્રણાલી અભિગમ સરકારી વ્યવસ્થાના વિશ્લેષણમાં કોણે અપનાવ્યો ?
   (A) ફીલીપ સેલ્ઝનીક
   (B) એચ.એ. સાઈમન
   (C) ડવાઈટ વાલ્ડો
   (D) પીટર ડ્રકર

34. ધારાસભાને અપ્રોપ્રિયેશન બિલ (ખર્ચ મંજૂર કરનાર બીલ) થી નીચે દર્શાવેલમાંથી કઈ તક મળે છે ?
   (A) વિવિધ ખાતાંના ખર્ચના નીતિ વિષયક અને બીજા વિષયોની ચર્ચા
   (B) વિવિધ ખાતાંની માંગણીની રકમમાં ફેરફાર
   (C) વિવિધ ખાતાંને અપાયેલ પૈસાની પુનર્વહેંચણી
   (D) કોન્સોલીડેટેડ ફંડ ઓફ ઈન્ડિયામાં પડતા ખર્ચમાં ફેરફાર

35. Identify the incorrect statement : According to Ferrell Heady, the developing countries—

(A) have imitative and un-indigenous bureaucracies

(B) do not permit functional autonomy to their public services

(C) have administrative services without administrative development

(D) have elitist bureaucracies which are dysfunctional

36. The science of control and communication is called :

(A) PERT

(B) MIS

(C) Informatics

(D) Cybernatics

35. નીચે પૈકી કયું વિધાન ખોટું છે ?

ફેરેલ હેડીના મત અનુસાર, વિકાસશીલ દેશોમાં સિવિલ સેવાઓમાં :

(A) અનુકરણશીલ અને અતળપદી અમલદારશાહી છે

(B) કાર્યાત્મક સ્વાયત્તતા સિવિલ સેવાઓને મળતી નથી

(C) વહીવટી સેવાઓ છે પણ વહીવટી વિકાસ નથી

(D) અર્ગવર્ગીય ખ્યાલો વાળી અમલદારશાહી છે જે કાર્ય સિદ્ધ કરવા ઉપયોગી નથી

36. અંકુશ અને સંવહનના વિજ્ઞાનને શું કહેવામાં આવે છે ?

(A) પર્ટ (PERT)

(B) એમ.આઈ.એસ. (MIS)

(C) ઈન્ફોર્મેટીક્સ

(D) સાયબરનેટિક્સ

37. "Recruitment is the cornerstone of the whole public personnel structure. Unless recruitment policy is soundly conceived, there can be little hope for building a first rate staff." This statement is made by :

(A) L.D. White

(B) Hoover Commission

(C) Fulton Committee

(D) Stahl

38. The institution of Lokayukta was created for the first time by the state of :

(A) Odisha

(B) Bihar

(C) Punjab

(D) Maharashtra

39. **Assertion (A)** : Public Administration can be successful if it is easily accessible to the citizens.

**Reason (R)** : Redressal of grievances of citizens is rendered easier by close contact between citizens and administration.

(A) Both (A) and (R) are individually correct and (R) is the correct explanation of (A)

(B) Both (A) and (R) are individually correct, but (R) is not the correct explanation of (A)

(C) (A) is true and (R) is false

(D) (A) is false and (R) is true

37. ''જાહેર કાર્મિક વ્યવસ્થાના પાયામાં છે ભરતી. જો ભરતીની નીતિ વ્યવસ્થિત રીતે વિચારવામાં ન આવે તો પ્રથમ કક્ષાના સ્ટાફના સર્જન માટે ખાસ આશા રાખી શકાય નહીં'' આ વિધાન કોણે કર્યું ?

(A) એલ.ડી. વ્હાઈટ

(B) હુવર કમિશન

(C) ફલ્ટન સમિતિ

(D) સ્ટાહલ

38. લોકાયુક્તની સંસ્થા સૌ પ્રથમ કયા રાજ્યે અપનાવી ?

(A) ઓરિસ્સા

(B) બિહાર

(C) પંજાબ

(D) મહારાષ્ટ્ર

39. (A) માં વિધાન છે અને (R) માં તેનો તર્ક છે.

(A) જાહેર વહીવટ સફળ થઈ શકે જો તે નાગરિકોને આસાનીથી સુગમ હોય

(R) નાગરિકોના પ્રશ્નોનો ઉકેલ સરળતાથી થઈ શકે જો નાગરિક અને વહીવટીતંત્ર વચ્ચે નિકટનો સંપર્ક રહે.

(A) (A) અને (R) બંને સાચાં છે અને (R), (A) ને સમજાવે છે

(B) (A) અને (R) બંને સાચાં છે અને (R), (A) ને સમજાવતું નથી

(C) (A) સાચું છે અને (R) ખોટું છે

(D) (A) ખોટું છે અને (R) સાચું છે

40. Match List I with List II and select the *correct* answer by using the codes given below the list :

| List I | | List II |
|---|---|---|
| (*i*) Token Cut Motion | (1) | "That the amount of the demand be reduced by a specified amount." |
| (*ii*) Economy Cut Motion | (2) | "That the amount of the demand be reduced by Re. 1." |
| (*iii*) Policy Cut Motion | (3) | "That the amount of the demand be Reduced by Rs. 100." |
| | (4) | "That the amount of the demand be reduced to upto Re. 1." |
| | (5) | "That the amount of the demand be reduced to upto Rs. 100." |

*Codes* :

| | (*i*) | (*ii*) | (*iii*) |
|---|---|---|---|
| (A) | (5) | (1) | (2) |
| (B) | (5) | (3) | (1) |
| (C) | (3) | (1) | (4) |
| (D) | (3) | (5) | (2) |

40. જૂથ ૧ અને જૂથ ૨ ને મેળવો. જવાબ માટે કોડનો ઉપયોગ કરો :

| યાદી ૧ | | યાદી ૨ |
|---|---|---|
| (*i*) ટોકન કટ ઠરાવ | (1) | માંગણી ચોકક્સ રકમ સાથે ઘટાડવી |
| (*ii*) ઈકોનોમી કટ ઠરાવ | (2) | માંગણી 1 રૂપિયા જેટલી ઘટાડવી |
| (*iii*) પોલીસી કટ ઠરાવ | (3) | માંગણી 100 રૂપિયા જેટલી ઘટાડવી |
| | (4) | માંગણી 1 રૂપિયા સુધી ઘટાડવી |
| | (5) | માંગણી 100 રૂપિયા સુધી ઘટાડવી |

કોડ :

| | (*i*) | (*ii*) | (*iii*) |
|---|---|---|---|
| (A) | (5) | (1) | (2) |
| (B) | (5) | (3) | (1) |
| (C) | (3) | (1) | (4) |
| (D) | (3) | (5) | (2) |

41. What led to the democratization of diplomacy ?

(1) Participation of people in politics.

(2) Growing importance of public opinion.

(3) Importance of market.

(4) Erosion of National Sovereignty.

(A) (1) and (2)

(B) (2) and (3)

(C) (1), (2) and (3)

(D) (2), (3) and (4)

42. "The Modern State has become a trading State." This statement is ascribed to :

(A) Robert Gilpin

(B) Immanuel Wallerstein

(C) Susan Strange

(D) Richard Rosecrance

43. Idealism was a dominant theory during which period ?

(A) Post Cold War Period

(B) Cold War Period

(C) Between Two World Wars

(D) During Medieval Age

41. મુત્સદ્દીગીરીનું લોકશાહીકરણ શાથી થયું ?

(1) રાજકારણમાં લોકભાગીદારીથી

(2) જાહેર મતના વધતા મહત્વથી

(3) બજારોનું મહત્વ

(4) રાષ્ટ્રીય સાર્વભૌમત્વ ધોવાણથી

(A) (1) અને (2)

(B) (2) અને (3)

(C) (1), (2) અને (3)

(D) (2), (3) અને (4)

42. ''આધુનિક રાજ્ય એ વેપારી રાજ્ય બન્યું છે.'' આ અભિપ્રાય કોણે વ્યક્ત કર્યો ?

(A) રોબર્ટ ગીલપીન

(B) ઈમેન્યુલ વાલેરસ્ટાઈન

(C) સુસાન સ્ટ્રેન્જ

(D) રીચાર્ડ રોસેક્રાન્સ

43. આદર્શવાદી સિદ્ધાંત કયા સમય દરમ્યાન પ્રભુત્વ ધરાવતો હતો ?

(A) શીત યુદ્ધના અંત પછીના સમયમાં

(B) શીતયુદ્ધના સમયમાં

(C) બે વિશ્વયુદ્ધ વચ્ચેના સમયમાં

(D) મધ્યયુગમાં

44. New International Economic Order was a result of :

(A) Success of UNCTAD

(B) North-South dialogue

(C) Creation of G-77

(D) Politicisation of development issues

45. The USA is described as a 'hyper power' because :

(A) It has many nuclear weapons

(B) It has weapons with the latest technology

(C) It has immense economic power

(D) It is comprehensively powerful

46. Which of the following is not a UN agency ?

(A) UNESCO

(B) Economic and Social Council

(C) Trusteeship Council

(D) World Bank

44. નવી આંતરરાષ્ટ્રીય આર્થિક વ્યવસ્થા શેમાંથી નીપજી ?

(A) અન્કટાડ (UNCTAD) ની સફળતા

(B) ઉત્તર અને દક્ષિણનો સંવાદ

(C) જી-77 ની રચના

(D) આર્થિક વિકાસના પ્રશ્નોનું રાજકીયકરણ

45. યુ.એસ.એ. ને 'હાઈપર પાવર' (ખૂબ મોટી સત્તા) તરીકે ઓળખાવવામાં આવે છે કારણ કે :

(A) તેની પાસે ઘણા અણુશસ્ત્રો છે

(B) તેની પાસે છેલ્લી કક્ષાની ટેકનોલોજીવાળા શસ્ત્રો છે

(C) તેની પાસે ખૂબ આર્થિક શક્તિ છે

(D) તેની પાસે સર્વાંગી કે સર્વક્ષેત્રીય સત્તા છે

46. નીચે પૈકીની કઈ સંયુક્ત રાષ્ટ્રસંઘની સંસ્થા નથી ?

(A) યુનેસ્કો

(B) ઈકોનોમિક એન્ડ સોસિયલ કાઉંસિલ

(C) ટ્રસ્ટીશીપ કાઉંસિલ

(D) વિશ્વબેંક

47. The author of 'Beyond the Nation State' is :
(A) Karl Deutsch
(B) David Mitrany
(C) Ernst Haas
(D) Leonard Woolf

48. Emergence of South Sudan as an independent country suggests success of the concept of :
(A) Human Rights
(B) Civil War
(C) Religious Freedom
(D) Right to Self-determination

49. SAARC has not been successful because of :
(A) Limited membership
(B) Rivalry between India and Pakistan
(C) Rule not permitting interference in bilateral disputes
(D) Great power friendliness

50. What is India's present status in the UN security council ?
(A) Non-permanent member of security council
(B) Permanent member
(C) Not a member of the security council
(D) Non-permanent member for four years

47. 'બિયોન્ડ ધ નેશન સ્ટેટ' પુસ્તકના લેખક કોણ છે ?
(A) કાર્લ ડોઈસ
(B) ડેવિડ મીટરાની
(C) અર્નસ્ટ હાસ
(D) લિઓનાર્ડ વુલ્ફ

48. દક્ષિણ સુદાન સ્વતંત્ર રાજ્ય બન્યું એ કયા ખ્યાલની સફળતા સૂચવે છે ?
(A) માનવ હકો
(B) આંતરવિગ્રહ
(C) ધાર્મિક સ્વતંત્રતા
(D) આત્મનિર્ણયનો અધિકાર

49. સાર્ક (SAARC) સંગઠન કયા કારણસર સફળ નથી થયું ?
(A) મર્યાદિત સભ્ય પદ
(B) ભારત અને પાકિસ્તાન વચ્ચેની હરીફાઈ
(C) દ્વિપક્ષી ઝઘડામાં દખલગીરી ન ચલાવી લેવાનો નિયમ
(D) મહાસત્તાઓની મૈત્રી

50. યુનોની સલામતી સમિતિમાં ભારતનો વર્તમાન દરજ્જો શું છે ?
(A) સલામતી સમિતિનો બિનકાયમી સભ્ય
(B) કાયમી સભ્ય
(C) સલામતી સમિતિમાં સભ્ય નથી
(D) ચાર વર્ષ માટે બિનકાયમી સભ્ય

## ROUGH WORK

SEAL